**વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરની કતાર, બહેરીન, કુવૈત, ઓમાન, ન્યૂ યોર્ક અને બ્રસેલ્સની મુલાકાત (05-15 જુલાઈ, 2026)**

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર 05-10 જુલાઈ 2026 દરમિયાન કતાર, બહેરીન, કુવૈત અને ઓમાનની સત્તાવાર મુલાકાત લેશે. આ દેશોની મુલાકાત દરમિયાન, તેઓ તેમના સમકક્ષો અને ત્યાંના નેતૃત્વ સાથે મુલાકાત કરશે. આ મુલાકાત ચાર દેશ સાથે આપણા દ્વિપક્ષીય સંબંધોને વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે અને પ્રાદેશિક વિકાસ અને પરસ્પર હિતના મુદ્દાઓ પર મંતવ્યોનું આદાન-પ્રદાન કરવાની તક પણ પ્રદાન કરશે.

2. ત્યારબાદ વિદેશ મંત્રી 13 જુલાઈ 2026 ના રોજ, યુએન સિક્યોરિટી કાઉન્સિલની મુદત 2028-29 માટે ભારતના સત્તાવાર અભિયાનનો પ્રારંભ કરવા ન્યૂ યોર્કની મુલાકાત લેશે.

3. ત્યારબાદ તેઓ 3જી ભારત-યુરોપિયન સંઘ વેપાર અને ટેકનોલોજી કાઉન્સિલની બેઠકમાં હાજરી આપશે અને 14-15 જુલાઈ 2026ના રોજ બ્રસેલ્સમાં તેમના યુરોપિયન સંઘ અને બેલ્જિયમ સમકક્ષો સાથે વાતચીત કરશે.

નવી દિલ્લી

04 જુલાઈ, 2026